Gujrat State Road Transport Corporation
S.T.Central Office, Commerce Department
Ranip,Ahmedbad 382480.
e-mail:ctcm@gsrtc.org

પત્ર ન/એસટીજી/વાણીજય/દિવ્યાંગ / ૬૩૪ તા.૧૮/૦૨/૨૦૨૬

અગત્યનું / સમયમર્યાદા

પ્રતિ,

વિભાગીય નિયામકશ્રી.

એસ. ટી. અમદાવાદ, નડીયાદ, વડોદરા, સુરત, ભરુચ,

વલસાડ, મહેસાણા, હિમંતનગર, પાલનપુર, રાજકોટ,

ભુજ. ભાવનગર. અમરેલી જુનાગઢ, જામનગર. ગોધરા

વિષય:-દિવ્યાંગ બસપાસ ડિઝિટલ લોકરમાં માન્ય ગણવા બાબત.

સંદર્ભ: - ૧ .પરિપત્ર ૦૪/૨૦૨૨ પત્ર નં.ગુરામાં/વાણીજ્ય/દિવ્યાંગ/રા.યો/૧૧૮૪/૧૮૪૯૯ તા. ૦૭/૦૯/૨૦૨૨

૨ . સામાજિક અને ન્યાય અધિકારીતા વિભાગનો Letter No: DSD/0144/02/2026 Approved Date: 18-02-2026

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે દિવ્યાંગ બસપાસ ડિઝિટલ લોકરમાં માન્ય ગણવા બાબતે સામાજિક અને ન્યાય અધિકારીતા વિભાગનો સંદર્ભ-૨ નો પત્ર અત્રે મળવા પામેલ છે.જે આ સાથે બિડાણમાં સામેલ છે.

પત્રમાં જણાવ્યા મુજબ "દિવ્યાંગ વ્યક્તિને એસ.ટી બસમાં મફત મુસાફરીનો લાભ આપવાની યોજના હેઠળ જિલ્લા સમાજ સુરક્ષા કચેરી દ્વારા દિવ્યાંગ લાભાર્થીને દિવ્યાંગ લાભાર્થીને હાર્ડકોપીમાં બસપાસ આપવામાં આવે છે. આ બસપાસના ઉપયોગ થી લાભાર્થી વિનામૂલ્યે મુસાફરીનો લાભ મેળવી શકે છે જેમાં ઘણા સમયથી લાભાર્થીઓ દ્વારા બસ પાસ ખોવાઈ જવો, બસ પાસનો દુરઉપયોગ, ડુપ્લિકેટ/ ખોટા બસ પાસનો ઉપયોગ વગેરે જેવા પ્રશ્નો આવતા હતા. જેના કારણે ડિજીટલ ગુજરાતના સુત્રને સાર્થક બનાવી દિવ્યાંગજનોને વધુ સુગમ્ય વાતાવરણ પૂરુ પાડી શકાય તે ઉમદા હેતુસર ગુજરાત સરકાર દ્વારા દિવ્યાંગજનોને આપવામાં આવતો બસપાસ ડીજીલોકરમાં (ડિઝીટલ લોકર) ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. બસમાં મુસાફરી કરતા દિવ્યાંગ લાભાર્થી પાસે હાર્ડકોપી સ્વરુપે રહેલ બસપાસ અથવા મોબાઈલના ડીજીલોકરમાં (ડિઝીટલ લોકર) ઉપલબ્ધ બસપાસ રજુ કરે તો તે પણ મુસાફરી હેતુસર માન્ય રાખવાનો રહેશે. આમ લાભાર્થી પાસે બસપાસની હાર્ડકોપી ઉપલબ્ધ હોય કે ન હોય પરતું મોબાઈલના ડીજીલોકરમાં (ડિઝીટલ લોકર) બસપાસ

બતાવે તો તેને પણ માન્ય રાખવાનો રહેશે. વધુમાં દિવ્યાંગ બસપાસમાં ઉપલબ્ધ **QR Code** સ્કેન કરી તેની ચકાસણી કરી શકાય".

સદર પત્રમાં જણાવેલ બાબતે તાત્કાલિક અમલવારી કરવા નિગમના તમામ વિભાગ ધ્વારા ઉપરોકત બાબતે ડેપો મેનેજરશ્રી મારફતે ફરજ પરના કર્મચારીગણ/ કંડકટર/ડ્રાયવરને જરૂરી સુચનાઓ આપવામાં આવે અને તેનો અમલ કરવા પુરતી સમજણ આપવામાં આવે તે અંગેની ડેપો ખાતે રાખવામાં આવતા સુચના રજીસ્ટરમાં તે બદલ સહી મેળવવા માટેની કાર્યવાહી કરવા જણાવાય છે. આ સિવાયની અત્રેથી પ્રસિધ્ધ કરેલ પરીપત્ર ૦૪/૨૨ માં દર્શાવેલ અન્ય તમામ સુચનાઓ યથાવત રહેવા પામશે જેની ગંભીર નોધ લેશો

બિડાણ:-ઉપર મુજબ

મુખ્ય પરિવહન અને વાણીજ્ય વ્યવસ્થાપક
ગુ.રા.મા.વા.વ્ય .નિગમ,અમદાવાદ

નકલ સ.રવાના:-

1. અંગત મદદનીશશ્રી, માન.ઉપા.અને વ.સં.શ્રીના કાર્યાલય તરફ જાણ સારૂ.
૨. અંગત મદદનીશશ્રી, માન.મુખ્ય વ્યવસ્થાપકશ્રી(ઓપ.)ના કાર્યાલય તરફ જાણ સારૂ.
૩. અંગત મદદનીશશ્રી, માન.મુખ્ય વ્યવસ્થાપકશ્રી (વહીવટ)ના કાર્યાલય તરફ જાણ સારૂ.

નકલ સ.રવાના :- મુખ્ય હિસાબ અધિ. અને ના.સ.શ્રી / સીની. ઓડીટ ઓફીસરશ્રી/ મુખ્ય મહેકમ અધિકારીશ્રી / મુખ્ય યાંત્રિક ઇજનેરશ્રી / મુખ્ય બાંધકામ ઇજનેરશ્રી / મુખ્ય કામદાર અધિકારીશ્રી / મુખ્ય આંકડા અધિકારીશ્રી / નિગમના સચિવશ્રી / ખરીદ નિયામકશ્રી / ભંડાર નિયામકશ્રી / કાનુની સલાહકારશ્રી / સી.ટી.ટી,એમશ્રી / નાયબ મુખ્ય સુરક્ષા અધિકારીશ્રી / મુખ્ય તાલીમ અને મા. સં સા. વ્યવસ્થાપકશ્રી / અધ્યક્ષશ્રીના સચિવશ્રી / ડીફોલ્ટ મોનીટરીંગ સેલ / વિભાગીય નિયામકશ્રી , પ્રિમીયમ સર્વિસ સેલ/ વિભાગીય નિયામકશ્રી , હેપ્પી કસ્ટમર સેલ/ વિભા. નિયામકશ્રી(લાઇન ચેકીંગ.), રાણીપ, અમદાવાદ તરફ જાણ સારૂ. - યંત્રાલય વ્યવસ્થાપકશ્રી, મધ્યસ્થ યંત્રાલય, નરોડા તરફ જાણ સારૂ.

નકલ સ.રવાના :- નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, બ્લોકનં. ૧૬, ગ્રાઉન્ડ ફલોર, ડૉ. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦. મેઇલ : dir-ad@gujarat.gov.in ની જાણ અર્થે સાદર

નકલ સ.રવાના :- પ્રતિશ્રી,સેકશન અધિકારીશ્રી Chh-1, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય ગાંધીનગરને જાણ સારુ.

Government of Gujarat

નિયામક, સમાજ સુરક્ષાની કચેરી,
બ્લોકનં. ૧૬, ગ્રાઉન્ડ ફ્લોર,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
ફોન નં. : ૦૭૯-૨૩૨ ૫૬૩૦૯
ફેક્સ નં. : ૦૭૯-૨૩૨ ૫૬૩૦૮
મેઈલ : dir-sd@gujarat.gov.in

પ્રતિ,

શ્રી વાણીજ્ય વ્યવસ્થાપક,

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ,

મધ્યસ્થ કચેરી, રાણીપ,

અમદાવાદ.

વિષય-દિવ્યાંગ બસપાસ ડિઝિટલ લોકરમાં માન્ય ગણવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે દિવ્યાંગ વ્યક્તિને એસ.ટી બસમાં મફત મુસાફરીનો લાભ આપવાની યોજના હેઠળ જિલ્લા સમાજ સુરક્ષા કચેરી દ્વારા દિવ્યાંગ લાભાર્થીને દિવ્યાંગ લાભાર્થીને હાર્ડકોપીમાં બસપાસ આપવામાં આવે છે. આ બસપાસના ઉપયોગ થી લાભાર્થી વિનામૂલ્યે મુસાફરીનો લાભ મેળવી શકે છે જેમાં ઘણા સમયથી લાભાર્થીઓ દ્વારા બસ પાસ ખોવાઇ જવો, બસ પાસનો દુરઉપયોગ, ડુપ્લિકેટ/ ખોટા બસ પાસનો ઉપયોગ વગેરે જેવા પ્રશ્નો આવતા હતા. જેના કારણે ડિજીટલ ગુજરાતના સુત્રને સાર્થક બનાવી દિવ્યાંગજનોને વધુ સુગમ્ય વાતાવરણ પૂરુ પાડી શકાય તે ઉમદા હેતુસર ગુજરાત સરકાર દ્વારા દિવ્યાંગજનોને આપવામાં આવતો બસપાસ ડીજીલોકરમાં (ડિઝીટલ લોકર) ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. બસમાં મુસાફરી કરતા દિવ્યાંગ લાભાર્થી પાસે હાર્ડકોપી સ્વરુપે રહેલ બસપાસ અથવા મોબાઇલના ડીજીલોકરમાં (ડિઝીટલ લોકર) ઉપલબ્ધ બસ્પાસ રજુ કરે તો તે પણ મુસાફરી હેતુસર માન્ય રાખવાનો રહેશે. આમ લાભાર્થી પાસે બસપાસની હાર્ડકોપી ઉપલબ્ધ હોય કે ન હોય પરંતું તે મોબાઇલના ડીજીલોકરમાં (ડિઝીટલ લોકર) બસપાસ બતાવે તો તેને પણ માન્ય રાખવાનો રહેશે. વધુમાં દિવ્યાંગ બસપાસમાં ઉપલબ્ધ **QR Code** સ્કેન કરી તેની ચકાસણી કરી શકાય જે જાણ સારુ.

ઉપરોક્ત વિગતો ધ્યાને લઇ આપના હસ્તકના તમામ ડેપોમેનેજર મારફતે બસ કંડક્ટરને તથા અન્ય સંબધિત કર્મચારીને જરુરી સુચના થઇ આવવા વિનંતી.

નિયામક
સમાજ સુરક્ષા
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ રવાના:

(૧)પ્રતિશ્રી સેક્શન અધિકારીશ્રી Chh-1, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય ગાંધીનગરને જાણ સારુ.

Signature Not Verified
Signed by : VIKRAMSINH K JADAV
Director
Directorate of Social Defence
Date : 2026.02.18 12:12:36 IST

File No: DSD/BTP/e-file/226/2023/0316/APG Branch
Approved By: Director,DSD

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

(૨) જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી તમામ જાણ સારુ.

Signature Not Verified
Signed by : VIKRAMSINH K JADAV
Director
Directorate of Social Defence
Date : 2026.02.18 12:12:36 IST



Open the document in Adobe Acrobat DC to verify the E-sign